Knowledge Consortium of Gujarat
Department of Higher Education - Government of Gujarat
Journal of Social Science - ISSN : 2279-0268
Continuous issue-26 | April – May 2017

# સુક્ષ્મ ધિરાણની સ્વસહાય જૂથની મહિલાઓ ઉપર સામાજિક આર્થિક અસર

## પ્રસ્તાવના

ગરીબી એ વિશ્વના અવિકસિત અને વિકાસશીલ દેશોની સૌથી મોટી સમસ્યા છે. વલ્ડ બેંક ના ૨૦૦૮ ના રીપોર્ટ મુજબ વિશ્વના લગભગ ૧.૪ બીલીઅન લોકો રોજના ફક્ત $૧.૨૫ ડોલર માં જીવન નિર્વાહ કરે છે આ દર્શાવે છે કે ગરીબી એ વિકાસશીલ અને અવિકસિત દેશોમાં તીવ્ર માત્રામાં ફેલાયેલી સમસ્યા છે. યુનાઇટડ નેશન ઓર્ગેનાઈઝેશને ૨૦૦૮ માં મિલેનિયમ ડેવલપમેન્ટ ગોલ(એમડીજી) જાહેર કર્યા જેમાં ૨૦૧૫ સુધીમાં ગરીબી દુર કરવાનો ધ્યેય અગ્રતાક્રમે હતો. આ ધ્યેયને પહોંચી વળવા દુનિયાના લગભગ તમામ અવિકસિત અને વિકાસશીલ દેશોએ ગરીબી નિવારણ માટે અલગ અલગ નીતિઓ અને કાર્યક્રમો અમલમાં મુકેલ છે. આ બધા કાર્યક્રમો અને નીતિઓમાં સુક્ષ્મ ધિરાણ કાર્યક્રમએ ગરીબી નિવારણ માટે એ સૌથી વધારે અસરકારક વ્યુહરચના પુરવાર થયેલ છે. મોટા ભાગના દેશોમાં ગરીબી નિવારણ કાર્યક્રમ ના ભાગરૂપે સુક્ષ્મ ધિરાણ કાર્યક્રમ અમલમાં છે. ગરીબી નિવારણ ઉપરાંત સુક્ષ્મ ધિરાણ મહિલા સશક્તિકરણ અને મહિલા સાક્ષરતા માં પણ ખુબ જ મહત્વનો ભાગ ભજવે છે. હાલમાં સુક્ષ્મ ધિરાણ (માઈક્રોફાઈનાન્સ) એ ગરીબી નિવારણ માટે સૌથી અગત્યની વ્યુહરચના છે. યુનાઇટડ નેશન દ્વારા વર્ષ ૨૦૦૫ ને ““માઈક્રોફાઈનાન્સ વર્ષ’’ ” તરીકે જાહેર કરવામાં આવ્યું હતું.

સુક્ષ્મ ધિરાણ એટલે બેંક,સ્વેચ્છિક સંસ્થાઓ કે માઈક્રોફાઈનાન્સ સંસ્થાઓ દ્વારા લોકોને બચત,ધિરાણ, વીમો, નાણાની લેવડ દેવડ વગેરે જેવી નાણાંકીય સેવાઓ પૂરી પાડવી. ભારત દેશના સાપેક્ષમાં નાના અને સીમાંત ખેડૂતો, ગ્રામીણ કારીગરો, આર્થિક રીતે પછાત વર્ગના લોકો અને ગ્રામીણ મહિલાઓને સુક્ષ્મ ધિરાણના મુખ્ય ગ્રાહક–લાભાર્થી તરીકે ઓળખવામાં આવે છે.આમ સુક્ષ્મ ધિરાણ એટલે ગ્રામીણ અને અર્ધ ગ્રામીણ વિસ્તારોમાં ગરીબ લોકોને બચત, ધિરાણ અને અન્ય નાણાંકીય સેવાઓ પૂરી પડી ગરીબ લોકો પોતાના નાના ઉદ્યોગ ધંધા દ્વારા સ્વરોજગારી મેળવી ગરીબીમાંથી બહાર આવી શકે તેવા કાર્યક્રમોનું આયોજન અને અમલીકરણ કરવું.

## સુક્ષ્મ ધિરાણ ના મુખ્ય સ્વરૂપ

- **એસએચજીબેંક લીન્કેજ મોડેલ**

એસએચજી બેંક લીન્કેજ મોડેલ એ ભારતમાં સુક્ષ્મ ધિરાણ ક્ષેત્રમાં મુખ્ય મોડેલ છે. ૩૧ માર્ચ ૨૦૧૩ની સ્થિતિએ આ મોડેલ અંતર્ગત ૭૩.૧૮ લાખ મહિલાઓ અને પુરુષો સંકળાયેલ છે. ગરીબ લોકોને નાણાંકીય સેવાઓની મુખ્ય ધારા સાથે સાથે જોડવા માટે નાબાર્ડ દ્વારા ૧૯૯૨માં એસએચજી બેંક લીન્કેજ પાઈલોટ પ્રોજેક્ટ શરુ કરવામાં આવ્યો હતો.

- **બેંક દ્વારા જૂથ રચના અને બેંક દ્વારા ધિરાણ મોડેલ**

આ મોડેલ અંતર્ગત બેંક દ્વારા જૂથ રચના કરવામાં આવે છે. બચત, મીટીંગ, હિસાબો વગેરે ઉપર મોનીટરીંગ અને તાલીમ દ્વારા જૂથનું સશકતીકરણ કરવામાં આવે છે. નિયમિત બચત બાદ બેંક દ્વારા જૂથને ધિરાણ આપવામાં આવે છે.

- **એજન્સી મારફત જૂથ રચના અને બેંક દ્વારા ધિરાણ**

આ મોડેલ અંતર્ગત એનજીઓ/ સરકારી એજન્સી/સરકારી વિભાગ દ્વારા જુથચના અને જુથ સશકતીકરણ ની કામગીરી કરવામાં આવે છે. જુથનું મોનીટરીંગ જૂથ રચના કરેલ એનજીઓ/ સરકારી એજન્સી/ સરકારી વિભાગ દ્વારા કરવામાં આવે છે. ૩ થી ૬ મહિના દરમ્યાન જુથ નું ગ્રેડિંગ કરવામાં આવે છે ત્યારબાદ જુથ ની ધિરાણ માટેની દરખાસ્ત બેંકમાં મોકલી આપવામાં આવે છે. આ મોડેલમાં જૂથ રચના કરેલ એજન્સી મધ્યસ્થી તરીકે કામ કરે છે.

**ગ્રામીણ મોડેલ**

ગ્રામીણ મોડેલની શોધ બાંગ્લાદેશમાં પ્રો. મોહમ્મદ યુનુસ દ્વારા થઈ. ગ્રામીણ મોડેલએ સુક્ષ્મ ધિરાણ ક્ષેત્રમાં વિશ્વમાં સૌથી વધારે પ્રચલિત મોડેલ છે. ગ્રામીણ મોડેલમાં ૫ સભ્યોની જૂથ બનાવવામાં આવે છે. આ જૂથ સ્વેચ્છિક હોય છે. જુથમાં પહેલા બે સભ્યોને ધિરાણ આપવામાં આવે છે . ત્યારબાદ પછીના બે સભ્યોને ધિરાણ આપવામાં આવે છે અને છેલ્લે પાંચમા સભ્યને ધિરાણ આપવામાં આવે છે.આ જુથોની બીજા સાત જૂથો સાથે દર અઠવાડિક મીટીંગ થાય છે તેથી બેંક એક સાથે ચાલીસ સભ્યોને મળી શકે છે અને મીટીંગ કરી શકે છે. જુથમાં ધિરાણ વ્યક્તિગત આપવામાં આવે છે પરંતુ લોન ભરવાની જવાબદારી જુથ ની હોય છે.

ટેબલ :૧ ભારતમાં એસએચજી બેંક લીન્કેજ અને માઈક્રોફાઈનાન્સ પ્રગતિ

| વિગત | | ૨૦૧૧-૧૨ | | ૨૦૧૨-૧૩ | | ૨૦૧૩-૧૪ | |
|---|---|---|---|---|---|---|---|
| | | એસએચજી ની સંખ્યા (લાખમાં) | રકમ (કરોડમાં) | એસએચજી ની સંખ્યા (લાખમાં) | રકમ (કરોડમાં) | એસએચજી ની સંખ્યા (લાખમાં) | રકમ (કરોડમાં) |
| બેક પાસે એસએચજીની બચત | કુલ એસએચજી | ૭૯.૬૦ | ૬૫૫૧.૪૧ | ૭૩.૧૮ | ૮૨૧૭.૨૫ | ૭૪.૩૦ | ૯૮૯૭.૪૨ |
| | કુલ પેકી ૧૦૦ % મહિલા સભ્યો વાળા એસએચજી | ૬૨.૯૯ | ૫૧૦૪.૩૩ | ૫૯.૩૮ | ૬૫૧૪.૮૬ | ૬૨.૫૨ | ૮૦૧૨.૮૯ |
| | મહિલા એસ એચ જી ટકામાં | ૭૯.૧ | ૭૭.૯. | ૮૧.૧ | ૭૯.૩ | ૮૪.૧૫ | ૮૦.૯૬ |
| બેંક દ્વારા એસએચજી ને આપેલ ધિરાણ | કુલ એસએચજી | ૧૧.૪૮ | ૧૬૫૩૪.૭૭ | ૧૨.૨૦ | ૨૦૫૮૫.૩૬ | ૧૩.૬૬ | ૨૪૦૧૭.૩૬ |
| | કુલ પેકી ૧૦૦ % મહિલા સભ્યો વાળા એસએચજી | ૯.૨૩ | ૧૪૧૩૨.૦૨ | ૧૦.૩૭ | ૧૭૮૫૪.૩૧ | ૧૧.૫૨ | ૨૧૦૩૭.૯૭ |
| | મહિલા એસ એચ જી ટકામાં | ૮૦.૪ | ૮૫.૫ | ૮૫.૧ | ૮૬.૭ | ૮૪.૩ | ૮૭.૬ |

નાબાર્ડ: સ્ટેટસ ઓફ માઈક્રોફાઈનાન્સ ઇન ઈન્ડિયા ૨૦૧૩-૧૪

**ટેબલ –૨ : ગુજરાત: એસએચજી બેંક લીન્કેજ અને સુક્ષ્મધિરાણ કાર્યક્રમની સ્થિતિ**

| વર્ષ | બેંક સાથે જોડાયેલ | કુલ બચત (લાખમાં) | બેંક ક્રેડીટ લીન્કેજ કરેલ | બેંક દ્વારા એસએચજી ને | લોન આઉટ સ્ટેન્ડિંગ | લોન આઉટ સ્ટેન્ડીંગ રકમ |
|---|---|---|---|---|---|---|
| ૨૦૧૦-૧૧ | ૧૯૨૮૩૪ | ૧૭૩૦૩.૧૩ | ૨૫૬૦૦ | ૯૦૦૦.૧૫ | ૭૪૫૪૦ | ૧૫૫૪૪.૦૯ |
| ૨૦૧૧-૧૨ | ૨૨૬૬૨૬ | ૧૩૯૬૩.૨૩ | ૩૦૩૩૬ | ૧૩૧૧૬.૮૩ | ૭૨૪૯૫ | ૧૭૬૩૩.૧૮ |
| ૨૦૧૨-૧૩ | ૨૦૮૪૧૦ | ૧૭૫૫૫.૦૫ | ૧૪૭૫૬ | ૧૧૯૮૨.૨૮ | ૭૨૬૭૧ | ૨૨૦૩૮.૬૩ |
| ૨૦૧૩-૧૪ | ૧૯૬૫૧૦ | ૧૬૮૭૨.૦૦ | ૧૪૧૧૯ | ૧૨૯૩૭.૫૮ | ૬૧૮૪૮ | ૨૯૨૧૩.૮૨ |

**નાબાર્ડ: સ્ટેટસ ઓફ માઈક્રોફાઈનાન્સ ઇન ઈન્ડિયા ૨૦૧૩-૧૪**

## અભ્યાસના હેતુઓ

- સુક્ષ્મ ધિરાણમાં એસએચજીની ભૂમિકા
- એસએચજી થાકી સભ્યનો વ્યક્તિત્વ વિકાસ
- સુક્ષ્મ ધિરાણ દ્વારા એસ એચ જી ના સભ્યોની આવકમાં થયેલ પરિવર્તન
- સુક્ષ્મ ધિરાણ દ્વારા મહિલાઓની આર્થિક પ્રવુતિ શરુ કરવાની ક્ષમતા બાબત
- એસએચજીના માધ્યમથી આવક અને બચતની પરિસ્થિતિમાં ફેરફાર
- વિવિધ યોજનાઓ બાબતે જાણકારીમાં થયેલ સુધારા બાબતની સ્થિતિ
- બેન્કોમાં નાણાકીય લેવડ દેવડ સ્વતંત્ર રીતે કરી શકવાની ક્ષમતામાં થયેલ પરિવર્તન

## નમુનાની પસંદગી

અભ્યાસ માટે પ્રાથમિક માહિતીના સ્ત્રોત સખીમંડળ /સ્વ સહાય જૂથના પ્રમુખ, મંત્રી કે સભ્ય છે. ખેડા તાલુકામાં સખીમંડળ, એસજીએસવાય તથા મિશન મંગલમ યોજના અંતર્ગત કુલ ૭૨૪ નોંધાયેલ સખીમડળો છે. અભ્યાસ મુખ્યત્વે સુક્ષ ધિરાણ ઉપર હોવાથી સમષ્ટિ તરીકે બેકમાંથી ક્રેશ ક્રેડીટ મેળવેલ સખીમડળોનો સમાવેશ કરેલ છે. દરેક ગામમાંથી ક્રેશ ક્રેડીટ મેળવેલ સખીમડળોમાંથી ૨/૩ સખીમડળો સાદી યદચ્છ પધ્ધતી પ્રમાણે પસંદ કરેલ છે. આ નમુના તરીકે પસંદ કરેલ સખીમડળો માંથી આગેવાની, નેતૃત્વ કરી શકે તેવા પ્રમુખ, મંત્રી, ખજાનચી કે સભ્યને પ્રાથમિક માહિતીના સ્ત્રોત તરીકે પસંદ કરેલ છે. આમ કુલ ૩૯ ગામમાંથી ૧૨૯ સખીમંડળના એક્ટીવ ઉત્તરદાતા પાસેથી માહિતી એકઠી કરી અભ્યાસ હાથ ધરેલ છે. જે ગામમાં ફક્ત એક જ મંડળને ક્રેશ ક્રેડીટ મળેલ હોય તેવા ગામમાં તે સખીમંડળ ને નમુના તરીકે પસંદ કરેલ છે જેથી નમૂનામાં મોટા ભાગના ગામોનો સમાવેશ થઈ શકે.

## તારણો

### ઉતારદાતાની સામાન્ય માહિતી અંગે

- કુલ સભ્યોમાંથી સૌથી વધારે સભ્યો 26 થી 40 વર્ષના વયજૂથમાં સમાયેલ છે. એપીએલ અને બીપીએલ બંને કેટેગરીમાં 26 થી 40 વર્ષ સુધીના સભ્યો વધારે પ્રમાણમાં જુથમાં જોડાયેલ છે. કુલ સભ્યોમાંથી લગભગ 42% સભ્યો બીપીએલ કુટુંબના છે જયારે 58% એપીએલ કુટુંબના છે. જાતિ પ્રમાણે 28.70% એસ સી, 3.10% એસ ટી,51.90% ઓબીસી અને 16.30% જનરલ જાતિના સભ્યો મિશન મંગલમ યોજનામાં સ્વ સહાય જુથમાં સામેલ છે. વધુમાં જૂથોમાં યુવા સભ્યોનું પ્રતિનિધિત્વ વધારે જોવા મળે છે.
- સ્વસહાય જુથમાં જોડાયેલ જુથમાં જોડાયેલ મહિલાઓના કુટુંબમાં 4 થી 6 સભ્યો ધરાવતા કુટુંબોની સંખ્યા સૌથી વધારે 57.40 % છે જયારે નાનું કુટુંબ ધરાવતા સભ્યોની સંખ્યા ઓછી છે. 6 થી વધારે સભ્યોવાળા પરિવારો એપીએલ કરતા બીપીએલ કેટેગરીમાં વધારે પ્રમાણમાં છે. 22% બીપીએલ પરિવારોમાં 6 થી વધારે સભ્યો છે જે સૌથી વધારે છે.
- સ્વસહાય જુથ સાથે સંકળાયેલ મોટા ભાગના સભ્યોની આર્થિક પરિસ્થિતિ નબળી અથવા મધ્યમ હોય છે જૂથના કુલ સભ્યોમાંથી 51.20% પરિવારોમાં એક જ કમાનાર સભ્ય છે જયારે 42.60% પરિવારમાં કમાનાર સભ્યોની સંખ્યા બે છે. ઓબીસી જાતિના સભ્યના કુટુંબમાં કમાનાર સભ્યોની સંખ્યા વધારે છે જયારે એસસી અને એસટી કેટેગરીમાં કમાનાર સભ્યોની સંખ્યા એક કરતા વધારે હોય તેવા કુટુંબોનું પ્રમાણ ખુબ જ ઓછું છે. બીપીએલ સભ્યના પરિવારમાં કમાનાર સભ્યની સંખ્યા વધારેમાં વધારે એક છે જે તેમની નબળી આર્થિક પરિસ્થિતિ દર્શાવે છે. એપીઅલ સભ્યના પરિવારમાં ચાર સુધી કમાનાર સભ્યો છે.
- સ્વ સહાય જુથમાં જોડાયેલ મહિલાઓ પૈકી 10.10% મહિલાઓ વિધવા છે જેમાંથી ઓબીસી જાતિના વિધવા મહિલાઓ વધારે પ્રમાણમાં જુથમાં જોડાયેલ છે. કેટેગરી પ્રમાણે જોતા બીપીએલ કેટેગરીમાં વિધવા મહિલા સભ્યોનું પ્રમાણ એપીએલ કેટેગરી કરતા વધારે જોવા મળેલ છે.
- સ્વસહાય જુથમાં જોડાયેલ 89% સભ્યો ની આવકનો મુખ્ય સ્રોત ખેતી તથા પશુપાલન છે. અન્ય જાતિ કરતા એસટી જાતિમાં ખેતી અને પશુપાલનનું પ્રમાણ ખુબ જ ઓછું જોવા મળેલ છે. બીપીએલ કેટેગરીમાં આવકનો મુખ્ય સ્રોત મજુરી છે
- સભ્યોમાંથી 45.00% સભ્યો પશુપાલન કરે છે. ઓબીસી સમુદાયમાં પશુપાલનનું પ્રમાણ વધારે જોવા મળે છે.

### ઉત્તરદાતાની આવક અને જરૂરિયાત ની માહિતી

- જુથમાં જોડાયેલ કુલ સભ્યો પૈકી 38.00% સભ્યો પોતાની આવકમાંથી જરૂરિયાત પૂરી કરી શકે છે જયારે 62% સભ્યો પોતાની આવકમાંથી જરૂરિયાત પૂરી કરી શકતા નથી. 34.10% ઓબીસી જાતિના સભ્યો આવકમાંથી પોતાની જરૂરીયાત પૂરી કરી શકતા નથી જે સૌથી વધારે છે. એપીએલ કેટેગરીમાં 48.80% સભ્યો અને બીપીએલ કેટેગરીમાં 51.30% સભ્યો આવકમાંથી પોતાની જરૂરિયાત પૂરી કરી શકતા નથી.
- આવકમાંથી જરૂરિયાત પૂરી ના થાય ત્યારે સભ્યો શાહુકાર,સગાસંબધી,જૂથમાંથી કે મિલકત ગીરો મૂકીને નાણાકીય જરૂરિયાત પૂરી કરે છે. મોટાભાગના સભ્યો શાહુકાર અને અન્ય પાસેથી પૈસા વ્યાજે લાવે છે. મહત્વની બાબત એ જાણવા મળી કે 80.00% સભ્યો જૂથમાંથી ધિરાણ મેળવી નાણાકીય જરૂરિયાત પૂરી કરે

છે. એપીએલ સભ્યો કરતા બીપીએલ સભ્યો વધારે પ્રમાણમાં જૂથમાંથી ધિરાણ મેળવી જરૂરિયાત પૂરી કરે છે. જૂથમાંથી ધિરાણ મેળવેલ કુલ 64 સભ્યોમાંથી એપીએલ સભ્યો 29 એટલે કે 36.30% છે જયારે બીપીએલ સભ્યો 35 એટલે કે 43.80% છે.

**સ્વ સહાય જૂથ સબંધિત માહિતી** :

- કુલ સભ્યોમાંથી 44.20% પ્રમુખ, 26.40% મંત્રી 3.10% ખજાનચી અને 26.40% સભ્યો છે. કેટેગરી પ્રમાણે જોઈએ તો પ્રમુખ અને મંત્રી તરીકે બીપીએલ સભ્ય કરતાં એપીએલ સભ્યોની સંખ્યા વધારે છે. કુલ જૂથમાંથી ઓબીસી જાતિના વધારે જૂથ હોવાથી તેમનું પ્રતિનિધિત્વ વધારે જોવા મળે છે.
- 75.20%જુથો સખીમંડળ યોજનામાં અને 24.80% જૂથો મિશન મંગલમ યોજના અંતર્ગત બનાવેલ છે જેનું મુખ્ય કારણ એ છે કે શરૂઆતમાં વર્ષ ૨૦૦૭ માં સખીમંડળ યોજના અમલમાં આવી હતી તેથી તેમાં જૂથો રચાયેલ હતા જે હાલમાં કાર્યરત છે. બંને યોજનામાં ઓબીસી સમુદાયના સભ્યોનું પ્રતિનિધિત્વ વધારે છે
- 76.7% સભ્યો નિયમિત માસિક બચત કરે છે એનો અર્થ એ છે કે 76.7% જૂથો સક્રિય છે જયારે 23.3% સભ્યો પુરેપુરા સક્રિય નથી.
- કુલ 129 જૂથોમાંથી 101(78.3%) જુથો નિયમિત મીટીંગ કરે છે જે આ યોજનામાં જુથો સારી રીતે કાર્યરત હોવાનો નિર્દેશ કરે છે પરંતુ મીટીંગ ના સમયગાળા બાબતમાં બહુ ઓછા જૂથો અઠવાડિક અને પખવાડીક મીટીંગ કરે છે  જે બાબતમાં જુથોના પ્રમુખ મંત્રી અને સભ્યોને મીટીંગનું મહત્વ સમજાવી અઠવાડિક મીટીંગ થાય તેવા પ્રયત્નો થવા જરૂરી છે.
- જુથમાં નિયમિત થવી એ સક્રિય જૂથની પ્રથમ લાક્ષણીકતા છે. મીટીંગમાં બચત.ધિરાણ, તાલીમ અને અન્ય સામાજિક પ્રશ્નોની ચર્ચા થાય છે પરંતુ પ્રસ્તુત અભ્યાસ હેઠળના મોટા ભાગના જૂથોમાં મીટીંગમાં બચત અને ધિરાણ ની ચર્ચા વધારે પ્રમાણમાં થાય છે જયારે ગૃહ ઉધોગ અને અન્ય પ્રશ્નો જેવા કે સ્વચ્છતા,આરોગ્ય, તાલીમ વિગેરે બાબતોની ચર્ચા ખુબ જ ઓછા જુથમાં થાય છે. 31.78% સભ્યો જણાવે છે કે તેમના જુથમાં ગૃહઉદ્યોગને લગતા પ્રશ્નોની ચર્ચા થાય છે જે દર્શાવે છે કે મોટા ભાગના જૂથોની પ્રવુતિ બચત અને ધિરાણ પુરતી સીમિત છે. સ્વસહાય જૂથના સભ્યોને સ્વાવલંબી બનાવવા માટે જૂથ પોતે તથા સભ્યો કોઈ આર્થિક પ્રવુતિ કરતા થાય એ ખુબ જ જરૂરી હોય તથા મિશન મંગલમ યોજનાનાનો મુખ્ય  ઉદ્દેશ રોજગારી ઉભી કરવાનો હોય યોજના સંચાલકોએ  આ બાબતમાં સઘન પ્રયત્નો કરવા જરૂરી છે.
- બેંક વ્યવહાર બાબતે  80.6% સભ્યો બેંક વ્યવહાર એકલા કરી શકે છે જયારે 19.4% સભ્યો બેંક વ્યવહાર એકલા કરી શકતા નથી
- સરકારશ્રી તરફથી સ્વ સહાય જુથોને આંતરિક ધિરાણ માટે પ્રોત્સાહન સ્વરુપે રૂપિયા 5000 થી 15000 સુધીનું રીવોલ્વીંગ ફંડ આપવામાં આવે છે. અભ્યાસ હેઠળના તમામ જૂથને રૂપિયા 5000 થી 15000 સુધીનું રીવોલ્વીંગ ફંડ મળેલ છે. મોટાભાગના જૂથ (95.30%) આંતરિક ધિરાણ માટે રીવોલ્વીંગ ફંડનો ઉપયોગ કરે છે જે જૂથની સક્રિયતા દર્શાવે છે.

**ધિરાણ બાબતે ઉત્તરદાતાની માહિતી**

- 72.90% % ઉત્તરદાતા જણાવે છે કે જૂથમાંથી ધિરાણ સમયસર મળી રહે છે જે ખેડા તાલુકામાં કાર્યરત જૂથોની સક્રિયતા દર્શાવે છે. 27.10% સભ્યોનું માનવું છે કે તેઓને સમયસર ધિરાણ મળતું નથી પરંતુ નિયમિત બચતની માહિતી પરથી જણાય છે કે 23.3% સભ્યો નિયમિત માસિક બચત કરતા નથી અને 21.7 % સભ્યો નિયમિત મીટીંગ કરતા નથી જેથી કહી શકાય કે નિયમિત બચત અને મીટીંગ કરતા તમામ સભ્યોને નિયમિત ધિરાણ મળે છે.
- જુથમાંથી જો  પૈસા ના મળી રહે તો  સભ્યો શાહુકર કે ગામમાંથી પૈસા વ્યાજે લઈને અને પ્રાઈવેટ માઈક્રોફાઈનાન્સ સંસ્થાઓ પાસેથી નાણા વ્યાજે મેળવી પોતાની જરૂરીયાત પૂરી કરે છે. 57.40% સભ્યો શાહુકર કે અન્ય પાસેથી પૈસા વ્યાજે લઈને જરૂરીયાત પૂરી કરે છે જેમાં ઓબીસી સમુદાયના સભ્યો વધારે પ્રમાણમાં જોવા મળેલ છે. ઓબીસી સમુદાયના કુલ 65 સભ્યોમાંથી 39 સભ્યો વ્યાજે પૈસા મેળવે છે. એસટી સમુદાયમાં આ પ્રમાણ ઓછું છે. કેટેગરી પ્રમાણે એપીએલ કેટેગરી કરતા બીપીએલ કેટેગરીના સભ્યોમાં શાહુકર કે ગામમાંથી પૈસા વ્યાજે લઈને અને પ્રાઈવેટ માઈક્રોફાઈનાન્સ સંસ્થાઓ પાસેથી નાણા વ્યાજે લેવાનું પ્રમાણ વધારે જોવા મળેલ છે. એપીએલ કેટેગરીમાં 27.90% સભ્યો જયારે બીપીએલ કેટેગરીમાં 29.50% સભ્યો પૈસા વ્યાજે લે છે.
- ધિરાણના ઉપયોગ બાબતે સૌથી વધારે ધિરાણ  સભ્યોએ ખેતીવાડી અને સામાજિક વ્યવહાર માટે લીધેલ હોવાનું જણાય છે(88%). ધિરાણ રકમનો આર્થિક પ્રવુતિ શરુ કરવા માટે 45.50% સભ્યોએ ઉપયોગ કર્યો છે. જાતી પ્રમાણે જોઈએ તો ઓબોસી સમુદાયના સભ્યોએ સૌથી વધારે સામાજિક વ્યવહાર માટે (34.70%) , એસસી કેટેગરીમાં સૌથી વધારે બાળકોના  શિક્ષણ અને કુટુંબના આરોગ્ય માટે (16.80%) એસટી કેટેગરીમાં સૌથી વધારે સામાજિક વ્યવહાર માટે (3.00%) અને જનરલ કેટેગરીમાં સૌથી વધારે આર્થિક પ્રવુતિ માટે જૂથમાંથી ધિરાણ મેળવેલ છે. એપીએલ સભ્યોએ ધિરાણ રકમનો સૌથી વધારે ઉપયોગ બાળકોના શિક્ષણ અને આરોગ્ય માટે જયારે બીપીએલ ધિરાણ રકમનો સૌથી વધારે ઉપયોગ સામાજિક વ્યવહાર માટે કરેલ છે. જે દર્શાવે છે કે આદિવાસી સમુદાયના સભ્યોમાં  સામાજિક ખર્ચાઓનું પ્રમાણ વધારે છે.
- જુથમાંથી મેળવેલ ધિરાણ દ્વારા 58% સભ્યોએ પશુપાલન, કરિયાણાની દુકાન,શાકભાજી વેચાણ,સીવણકામ,મીનાકારી કામ , ભરતગુથણ, સુશોભનની ચીજ વસ્તુઓ અને અમુલ પાર્લર જેવી આર્થિક પ્રવુતિ શરુ કરેલ છે જે દર્શાવે છે કે ખેડા તાલુકામાં કાર્યરત સ્વ સહાય જૂથ સક્રિય છે પરંતુ મોટા પ્રમાણમાં ધિરાણનો ઉપયોગ આર્થિક પ્રવુતિ માટે કરેલ નથી.
- કેશ ક્રેડીટનો મોટા ભાગનો ઉપયોગ( 96.60%) સભ્યોનેધિરાણ આપવામાં થાય છે જે દર્શાવે છે કે જરૂરિયાતવાળા જુથના તમામ સભ્યોને જૂથમાંથી ધિરાણ મળી રહે છે પરંતુ  કેશ ક્રેડીટ નો જુથમાં આર્થિક પ્રવુતિ માટે બહુ ઓછા પ્રમાણમાં (28.80%) ઉપયોગ થાય છે  જેના પરથી તારવી શકાય કે સભ્યો કેશ ક્રેડીટ નો ખુબ જ ઓછા પ્રમાણમાં પ્રોડકટીવ હેતુ માટે ઉપયોગ કરે છે. જૂથને સ્વાવલંબી બનાવવા માટે જૂથના સભ્યો કેશ કેડીટનો કોઈ ઉત્પાદક પ્રવુતિ માટે ઉપયોગ કરે તે ખુબ જ જરૂરી છે.

**સ્વસહાય જુથમાં જોડાયા પછી થયેલ ફાયદા:**

- સ્વસહાય જુથમાં જોડાયા પહેલા 78 સભ્યોએ એટલે કે 60.5% સભ્યોએ બેંકમાં ખાતું ખોલાવેલ ન હતું. જુથમાં જોડાયા પછી બેંક તથા બેંક ખાતા વિષે જાણકારી મળતા સભ્યોએ બેંકમાં ખાતું ખોલાવેલ છે. બચત અને ખાતું ખોલાવવા બાબતે પુરતી જાણકારીના અભાવે સભ્યોએ જુથમાં જોડાયા પહેલા ખાતું ખોલાવેલ ન હતું. આજના સમયમાં બેંક ખાતું પ્રાથમિક જરૂરિયાત છે કારણ કે સરકારશ્રી ની વિવિધ યોજના અંતર્ગત લાભાર્થીને આપવાપાત્ર નાણાકીય સહાય લાભાર્થીમાં ખાતામાં જમા કરવામાં આવે છે.
- જુથમાં જોડાયેલ સભ્યો રૂપિયા 30 થી લઈને રૂપિયા 100 સુધીની માસિક નિયમિત બચત કરતા હોય છે જેથી 89.10% સભ્યો માને છે કે જૂથના લીધે તેમની બચતમાં વધારો થયેલ છે. બચતમાં વધારો થતાં તેઓને જૂથમાંથી જરૂરિયાત મુજબ ધિરાણ મળી રહે છે જેના થકી મહિલાઓ પશુપાલન, ઈમિટેશન જવેલરીનું વેચાણ, કાપડ ફેરી, ચા નાસ્તો, કરીયાણાની દુકાન વગેરે જેવી આર્થિક પ્રવુતિ શરુ કરી રા રોજગાર મેળવે છે અને આ રીતે જુથમાં જોડાવાથી 68.20% સભ્યો જણાવે છે કે જુથમાં જોડાયા પછી તેમની આવકમાં વધારો થયેલ છે. જુથમાં જોડાયા પછી આવક અને બચતમાં વધારો થયો હોય તેવા સૌથી વધારે સભ્યો ઓબીસી સમુદાયના છે જયારે સૌથી ઓછા સભ્યો એસટી સમુદાયના છે. કેટેગરી પ્રમાણે એપીએલ કેટેગરીના 38% જયારે બીપીએલ કેટેગરીના 30.20% સભ્યોમાં જુથમાં જોડાયા પછી આવકમાં વધારો થયેલ છે.
- જુથના માધ્યમથી ગ્રામીણ મહિલાઓમાં બહારથી પૈસા વ્યાજે લાવવામાં ઘટાડો થયેલ હોવાનું જણાય છે. અભ્યાસ હેઠળ ના કુલ 129 જૂથના સભ્યોમાંથી 95 સભ્યો એટલે કે 73.6 % સભ્યો જણાવે છે કે જુથમાં જોડાયા બેન્કમાંથી કેશ ક્રેડીટ પેટે મોટી રકમ મળતી હોવાથી તથા જૂથમાંથી ધિરાણ મળતું હોવાથી શાહુકાર કે અન્ય પાસેથી નાણા લીધેલ નથી.
- મિશન મંગલમ યોજના અંતર્ગત સ્વ સહાય જૂથના સભ્યોને સ્વાવલંબી બનાવવા માટે રૂડસેટ અને અન્ય સંસ્થા દ્વારા કૌશલ્યવર્ધન તાલીમ આપવામાં આવે છે જેથી તાલીમ મેળવેલ સભ્યો પોતે રોજગારી મેળવી આત્મનિર્ભર બની શકે છે. લગભગ 50% સભ્યોને જુથ દ્વારા તાલીમ અને રોજગારી મળેલ છે. તાલીમ બાબતે સભ્યો જણાવે છે કે જુથના સભ્ય ઉપરાંત સભ્યના પરિવારના યુવક યુવતીઓને કોઈ નોકરી લક્ષી તાલીમ આપવામાં આવે જેથી પરિવાર આર્થિક રીતે પગભર બની શકે. 38% સભ્યો નું માનવું છે કે તેઓને તાલીમ આપવામાં આવે તો જૂથના સહયોગથી કોઈ આર્થિક પ્રવુતિ શરુ કરવા માંગે છે.
- મિશન મંગલમ યોજનામાં જોડાયેલ અભ્યાસ હેઠળના સભ્યોમાં જુથમાં જોડાવાથી થયેલ ફાયદા બાબતે ચાર માપદંડ બચત. લોન, આર્થિક પરિસ્થિતિમાં સુધારો અને આર્થિક પ્રવુતિ વિષે નવી જાણકારી બાબતે સભ્યોની મહિતા લેવામાં આવેલ તે પરથી જાણવા મળેલ કે કુલ સભ્યોમાંથી 68 (53.10%) સભ્યો જુથમાં જોડાયા પછી બચત કરતા થયા, 41(32%) સભ્યોનું માનવું છે કે જુથમાં જોડાયા પછી આર્થિક પ્રવુતિ વિષે નવું જાણવા મળ્યું ,60(46.90%) સભ્યો આર્થિક પરિસ્થિતિમાં સુધારો થયેલ હોવાનું જણાવે છે જયારે 81(63.30%) સભ્યો નું માનવું છે કે જુથમાં જોડાવાથી તેઓને સમયસર જરૂરિયાત મુજબ લોન મળી રહે છે. 46.90% સભ્યોનું માનવું છે કે જુથમાં જોડાવાથી તેમની આર્થીક પરિસ્થિતિમાં સુધારો થયેલ છે જેમાં 13.30% એસ સી સમુદાયના,1.60% એસ ટી સમુદાયના ,28.10% ઓબીસી સમુદાયના અને 3.90% જનરલ સમુદાયના સભ્યો છે. જુથમાં જોડાયા પછીઆર્થીક પરિસ્થિતિમાં સુધારો થયો હોય તેનું પ્રમાણ બીપીએલ કેટેગરીમાં વધારે છે. એપીએલમાં 24 એટલે કે 18.80% સભ્યો જયારે બીપીએલમાં 36 એટલે કે 28.10% સભ્યો જુથમાં જોડાયા પછી પોતાની આર્થીક પરિસ્થિતિમાં સુધારો થયેલ હોવાનું જણાવે છે.

- જુથમાં જોડાયા બાદ સામાજિક અને કૌટુમ્બીક પરિસ્થિતિમાં આવેલ પર્રીવર્તન બાબતે 84 (66.70%) સભ્યો જણાવે છે કે જુથમાં જોડાયા પછી સરકારની વિવિધ યોજના વિષે જાણકારી  છે જેમાં એપીએલ કેટેગરીમાં સૌથી વધારે 50(39.70%) સભ્યો છે. 38 (30.20%)  સભ્યોનું માનવું છે કે જુથમાં જોડાયા પછી તેઓ સામાજિક કુરીવાજોમાંથી બહાર આવ્યા છે જેમાં જેમાં બીપીએલ કેટેગરીના સભ્યોનું પ્રમાણ વધારે છે. મિશન મંગલમ યોજના અંતર્ગત સ્વ સહાય જુથમાં જોડાયેલ સભ્યોને કૃષિરથ, કૃષિ વર્કશોપ ,સીઆરએસ વર્કશોપ વગેરે જેવા વિવિધ કાર્યક્રમો અને સેટકોમ ટેકનોલોજી મારફત વિવિધ વિષયો ઉપર માર્ગદર્શન આપવામાં આવે છે જેથી સભ્યોમાં  સરકારની વિવિધ યોજના વિષે જાણકારી વધી છે.
- જુથમાં જોડાવાથી સભ્યોમાં બચતની ટેવ વિકસી છે તથા તેઓ નિયમિત બચત કરતા થયા છે.જેથી સભ્યોને  જરૂરિયાત સમયે ધિરાણ મળી રહે છે. 84 સભ્યો એટલે કે 65%સભ્યો નું માનવું છે કે જુથમાં જોડાયા પછી તેમની આવકમાં વધારો થયેલ છે. આ ઉપરાંત યોજના અંતર્ગત ચાલતી વિવિધ પ્રવુંતિઓ જેવી કે ,કૃષિવર્કશોપ ,કોટેજ એન્ડ રુરલ સર્વિસ વર્કશોપ,પ્રેરણાપ્રવાસ,વિવિધ મેળામાં ચીજ વસ્તુઓના વેચાણ અને પ્રદર્શન અને વિવિધ કાર્યક્રમો જેવા કે ગરીબ કલ્યાણ મેલા,નારી અદાલત,કૃષિરથ વગેરે દ્વારા મહિલાઓમાં આર્થિક પ્રવુતિ વિષે જાણકારી વધી છે તથા તેમનો વ્યક્તિત્વ વિકાસ થયો છે.

**આર્થિક  વિકાસ:**

- મિશન મંગલમ યોજના અંતર્ગત ચાલતા સ્વ સહાય જુથમાં જોડાવાથી 62% નું માનવું છે કે તેમની આવકમાં વધારો થયેલ છે તે પૈકી 32%  એપીએલ અને 30% બીપીએલ સભ્યો છે. જૂથના સભ્યો સાથે ચર્ચા કરતા જાણવા મળેલ છે કે જૂથના માધ્યમથી તેઓને સરળતાથી ધિરાણ મળી રહે છે જેમાંથી આર્થીક પ્રવુતિ શરુ કરેલ હોય તથા બહારથી પૈસા વ્યાજે લાવવામાં ઘટાડો થતા આવકમાં વધારો થયેલ છે. 46.90% સભ્યોનું માનવું છે કે જુથમાં જોડાવાથી તેમની આર્થીક પરિસ્થિતિમાં સુધારો થયેલ છે જેમાં 13.30%  એસ સી સમુદાયના,1.60%  એસ ટી સમુદાયના ,28.10%  ઓબીસી સમુદાયના અને 3.90% જનરલ સમુદાયના સભ્યો છે
- જુથમાં જોડાવાથી થયેલ ફાયદા બાબતે 84 (66.70%) સભ્યો જણાવે છે કે જુથમાં જોડાયા પછી સરકારની વિવિધ યોજના વિષે જાણકારી  છે જેમાં એપીએલ કેટેગરીમાં સૌથી વધારે 50(39.70%) સભ્યો છે. 38 (30.20%)  સભ્યોનું માનવું છે કે જુથમાં જોડાયા પછી તેઓ સામાજિક કુરીવાજોમાંથી બહાર આવ્યા છે જેમાં જેમાં બીપીએલ કેટેગરીના સભ્યોનું પ્રમાણ વધારે છે.   બીપીએલ કેટેગરીના 24 (19.00%) સભ્યોનું માનવું છે કે જુથમાં જોડાયા પછી સામાજિક કુરીવાજોમાંથી બહાર આવ્યા છે..
- જુથમાં જોડાવાનો સભ્ય મહિલાઓનો મુખ્ય આશય જુથમાં નિયમિત માસિક  બચત  કરી જરૂરિયાત સમયે ધિરાણ મળી રહે તથા જૂથના માધ્યમથી કોઈ આર્થિક પ્રવુતિ દ્વારા આર્થિક રીતે પગભર થવાનો હોય છે. જુથમાં જોડાયા પહેલા નિયમિત બચત કરતા ન હતા પરંતુ જુથમાં જોડાવાથી સભ્યોમાં બચતની ટેવ વિકસી છે તથા તેઓ નિયમિત બચત કરતા થયા છે.જેથી સભ્યોને  જરૂરિયાત સમયે ધિરાણ મળી રહે છે. 84 સભ્યો એટલે કે 65%સભ્યો નું માનવું છે કે જુથમાં જોડાયા પછી તેમની આવકમાં વધારો થયેલ છે. આ ઉપરાંત યોજના અંતર્ગત ચાલતી વિવિધ પ્રવુંતિઓ જેવી કે કૃષિવર્કશોપ ,કોટેજ એન્ડ રુરલ સર્વિસ વર્કશોપ,પ્રેરણાપ્રવાસ,વિવિધ મેળામાં ચીજ વસ્તુઓના વેચાણ અને પ્રદર્શન અને વિવિધ કાર્યક્રમો જેવા કે

ગરીબ કલ્યાણ મેલા,નારી અદાલત,કૃષિરથ વગેરે દ્વારા મહિલાઓમાં આર્થિક પ્રવુતિ વિષે જાણકારી વધી છે તથા તેમનો વ્યક્તિત્વ વિકાસ થયો છે.

- 62.80% સભ્યોનું માનવું છે કે જુથમાં જોડાયા પછી તેઓને બચતનું વધારે મહત્વ સમજાયું છે જેમાં 37% એપીએલ અને 26% બીપીએલ પરિવારના સભ્ય મહિલાઓ છે.

- જુથમાં જોડાવાથી મોટાભાગના સભ્યોમાં આર્થીક પ્રવુતિ કરવાની ક્ષમતા બાબતે આત્મવિશ્વાસમાં વધારો થયેલ છે. આ બાબતે 124 સભ્યો (96%) સંપૂર્ણ અને આંશિક સહમતી દર્શાવે છે. મિશન મંગલમ યોજના અંતર્ગત સીવણકામ,બ્યુટીપાર્લર પશુપાલન, મોબાઇલ,ટીવી,એસી ,ફ્રીજ, રીપેરીંગ ,ફીનાઈલ બનાવટ જેવી વિવિધ તાલીમો રુડસેટ સંસ્થા દ્વારા આપવામાં આવે છે આ ઉપરાંત જીલ્લા અને તાલુકા કક્ષાએ વિવિધ મેળા દરમ્યાન જૂથ દ્વારા બનાવેલ ચીજ વસ્તુઓના વેચાણ માટે વ્યવસ્થા કરવામાં આવે છે જેથી આર્થીક પ્રવુતિ બાબતે આત્મવિશ્વાસમાં વધારો થયેલ જણાય છે.
- જુથમાં જોડાયેલ એપીએલ અને બીપીએલ પરિવારના 90% સભ્યો જુથમાં જોડાયા પછી બહારથી પૈસા વ્યાજે લાવવામાં ઘટાડો થયો હોવા સાથે સંપૂર્ણ અને આંશિક રીતે સહમત છે. મિશન મંગલમ યોજના અંતર્ગત જૂથને મળેલ રીવોલ્વીંગ ફંડ અને બચત માંથી તથા બેંક તરફથી જૂથને કેશ ક્રેડીટ પેટે મોટી રકમ મળતી હોવાથી સભ્યોને જરૂરિયાત મુજબ નાણા મળી રહે છે જેથી બહારથી પૈસા વ્યાજે લાવવામાં ઘટાડો થયેલ હોવાનું કહી શકાય.
- લગભગ 97 % સભ્યો એ બાબત સાથે સંપુર્ણ કે આંશિક સહમત છે કે જુથમાં જોડાયા પછી તેમની આર્થિક પરિસ્થિતિમાં સુધારો થયેલ છે. જુથમાં થી ધિરાણ મળવાથી બહારથી પૈસા વ્યાજે લાવવામાં ઘટાડો થયેલ છે જેથી વ્યાજ ખાતે જતા પૈસાની બચત થાય છે જેથી આવકમાં વધારો થયેલ જણાય છે.
- જુથમાં જોડાયા પછી સભ્યોની તેમના પરીવારમાં લેવાતા નિર્ણયો બાબતે બચત,ખર્ચ,બાળકોના શિક્ષણ અને આકસ્મિક ખર્ચ ઉપર જુથમાં જોડાયેલ મહિલાઓના મંતવ્યો લેવામાં આવેલ જેનાથી જાણવા મળ્યું કે જુથમાં જોડાવાથી મહિલાઓની નિર્ણયોમાં ભાગીદારી વધી છે. બચત બાબતે 74.40%, ખર્ચ બાબતે 52.70%, બાળકોનું શિક્ષણ બાબતે 55%, અને આકસ્મિક ખર્ચ બાબતે 543.40%, મહિલાઓનું માનવું છે કે ઉપરોક્ત બાબતના નિર્ણયોમાં તેમની ભાગીદારી વધી છે. સ્વ સહાય જુથમાં જોડાવાથી સભ્ય મહિલાઓ અને તેમના પરિવારની આર્થિક પરિસ્થિતિમાં સુધારો થતા પરિવારના સભ્યોનો તેમના પ્રત્યે હકારત્મક અભિગમ જોવા મળેલ છે જેથી પરિવારના નિર્ણયોમાં તેઓ ભાગીદારી વધી છે તેવું કહી શકાય છે.
- મિશન મંગલમ યોજના દ્વારા ચાલતા જુથ માં જોડાયા પછી મહિલાઓમાં સરકારની વિવિધ યોજના વિશેની જાણકારીમાં વધારો થયેલ છે. ઓબીસી જાતિમાં આ બાબતે સૌથી વધારે સભ્યો છે(35.70%) જયારે એસટી જાતિમાં સૌથી ઓછા છે.( 1.60%)

**સામાજિક વિકાસ**

- જુથમાં જોડાયા પછી 76.70% મહિલા સભ્યો એ બાબત સાથે સહમત છે કે તેઓ પોતે સ્વતંત્રરીતે એકલા બહારગામ જઈ શકે છે જેમાંથી 44.20% સભ્યો એપીએલ છે જયારે 32.60% સભ્યો બીપીએલ છે. . 67.40% સભ્યો સભ્યો નું માનવું છે કે જુથમાં જોડાયા પછી તેઓ મંતવ્યો સ્વતંત્રરીતે રજુ કરી શકે છે જેમાં 37.20%) એપીએલ છે જયારે 30.20% બીપીએલ છે. મિશન મંગલમ યોજના અંતર્ગત ચાલતા સ્વ સહાય જુથ-સખીમંડળ માં જોડાયા પછી સભ્યોમાં આત્મ વિશ્વાસમાં વધારો થયેલ છે અને સભ્યો પોતાના મંતવ્યો

પોતાની રીતે રજુ કરી શકે છે. જુથમાં જોડાયા પછી સરકારી કચેરી જેવી કે તાલુકા ગ્રામ વિકાસ એજન્સી . બેંક તથા તાલીમ કે અન્ય કાર્યક્રમોમાં અવારનવાર જવાનું થતું હોય તેમના માં આત્મ વિશ્વાસ વધ્યો છે તેવું કહી શકાય .

- સ્વ સહાય જુથમાં જોડાયા પછી સરકારના વિવિધ કાર્યક્રમો વિષે ગ્રામીણ મહિલાઓમાં જાણકારી વધી છે તથા મહિલાઓ ગ્રામસભા,પંચાયત મીટીંગ અને અન્ય સરકારી કાર્યક્રમોમાં મોટા પ્રમાણમાં હાજરી આપતી થઇ છે. 79.80% સભ્ય મહિલાઓ જણાવે છે કે જુથમાં જોડાયા પછી સરકારશ્રીના વિવિધ કાર્યક્રમોથી માહિતગાર કાર્યક્રમોમાં હાજરી આપતા થયા તથા 57.40% સભ્ય મહિલાઓ જણાવે છે કે જુથમાં જોડાયા પછી ગ્રામસભા/ પંચાયતમિટિંગ/નિર્મળ ભારત અભિયાન વગેરેની જાણકારીમાં વધારો થયેલ છે. અન્ય સભ્યોના સહકાર બાબતે 53.50%સભ્યો જણાવે છે કે સામાજિક આર્થિક પ્રશ્નોમાં અન્ય સભ્યોનો સહકાર મળે છે અને એકબીજા સભ્યો સાથે પોતાના પ્રશ્નોની રજૂઆત કરી શકાય છે.

**SWOT એનાલીસીસ**

ખેડા તાલુકાના મિશન મંગલમ યોજના હેઠળ કાર્યરત જૂથોના અભ્યાસ પરથી સ્વોટ એનાલીસીસ કરેલ છે જે નીચે મુજબ છે.

**મજબૂત પાસાઓ:**

- ખેડા તાલુકામાં મોટા પ્રમાણમાં સ્વ સહાય જૂથ –સખીમંડળ કાર્યરત છે. તાલુકામાં કુલ 39 ગામોમાં 722 જૂથ કાર્યરત છે જેમાં એપીએલ તથા બીપીએલ પરિવારના સભ્યો સામેલ છે. અભ્યાસ હેઠળના જૂથોમાં કુલ 129 સભ્યો પૈકી 58.10% એપીએલ સભ્યો જયારે 42.90% બીપીએલ સભ્યો છે જે દર્શાવે છે કે બીપીએલ કુટુંબો પણ ખુબ પ્રમાણમાં યોજનામાં જોડાયેલ છે.
- મિશન મંગલમ યોજના હેઠળના જૂથોને બેંક તરફથી ઓછામાં ઓછી રૂપિયા 50000 કેશ ક્રેડીટ આપવામાં આવે છે જેનો જુથ દ્વારા સભ્યો ને જરૂરિયાત મુજબ લોન આપવા માટે થાય છે જેથી સભ્યોની નાણાકીય જરૂરિયાત પૂરી થઈ શકે છે અને બહારથી નાણા વ્યાજે લાવવામાં ઘટાડો થાય છે.
- આર્થિક પ્રવુતિ શરુ કરવા માંગતા સભ્યોને તાલીમ આપવામાં આવે છે તથા સભ્ય દ્વારા બનાવેલ ચીજ વસ્તુઓનું વેચાણ થાય તેવી વ્યવસ્થા યોજના સંચાલકો દ્વારા કરવામાં આવે છે.

**કમજોર પાસાઓ:**

- કુલ જૂથો પૈકી 412 સક્રિય જૂથ છે જે પ્રમાણ ખુબ જ ઓછું છે . આ સક્રિય જૂથો પૈકી બેન્કમાંથી ધિરાણ ઉપાડેલ જૂથની સંખ્યા 194 છે જે પ્રમાણમાં ઓછું છે જેના પરથી જાણવા મળે છે કે બેંક દ્વારા અપાતી કેશ ક્રેડીટની સુવિધાનો ઉપયોગ ઓછા પ્રમાણમાં થાય છે.
- કેશ ક્રેડીટ નો જુથમાં કોઈ આર્થિક પ્રવુતિ શરુ કરવા માટે ઉપયોગ થતો હોય તેવું જણાયેલ નથી. મોટાભાગના સભ્યો કેશ ક્રેડીટનો ઉપયોગ સામાજિક વ્યવહાર, બાળકોના શિક્ષણ અને આરોગ્ય માટે કરતા હોય તેવું જણાય છે. કેશ ક્રેડીટનો ખુબ ઓછા પ્રમાણમાં ઉપયોગ જુથમાં આર્થિક પ્રવુતિ શરુ કરવામાં થયેલ છે.
- મોટાભાગના જુથોની મીટીંગની ચર્ચા બચત અને ધિરાણ પુરતી સીમિત છે અન્ય પ્રશ્નો જેવા કે આર્થિક પ્રવુતિ બાબત,આરોગ્ય બાબત કે અન્ય ગ્રામવિકાસને ને લગતા પ્રશ્નોની ચર્ચા ખુબ ઓછા પ્રમાણમાં થાય છે.

**શક્યતાઓ:**

- જૂથના માધ્યમથી જુથમાં કોઈ ગૃહ ઉદ્યોગ શરુ થઈ શકે. જૂથના સભ્યોને તાલીમ આપી ગ્રામ્ય કક્ષાએ રોજગારી મળી રહે તેવી આર્થિક પ્રવુતિ શરુ થઇ શકે.
- સરકારશ્રીની અન્ય યોજનાઓ સાથે વધારે પ્રમાણમાં કન્વર્ઝન્સ થઇ શકે તેવી વિશાળ તકો રહેલી છે.
- ગ્રામ્યકક્ષાએ સ્વચ્છતા આરોગ્ય શિક્ષણ અને અન્ય બાબતોમાં જૂથની મહિલાઓની સક્રિય ભાગ ભજવે તો ગ્રામવિકાસની મોટા પ્રમાણમાં તકો રહેલી છે.

**ભયસ્થાનો:**

- જૂથની સફળતા માટે નિયમિત બચત અને નિયમિત મીટીંગ થવી જરૂરી છે. અભ્યાસ હેઠળના મોટાભાગના જૂથોમાં નિયમિત મીટીંગ થાય છે પરંતુ આ મીટીંગ અઠવાડીકને બદલે માસિક થાય છે . જૂથના સારા સંચાલન માટે અઠવાડિક મીટીંગ થવી જરૂરી છે.
- જુથમાં જોડાયેલ સભ્યો અમુક સમય પછી જૂથમાંથી નીકળી જાય છે અને બચત કરતા નથી .આ ઉપરાંત જૂથની  પ્રવુંતિઓમાં ભાગ લેતા નથી જેથી જૂથ તૂટી જાય છે જે એક મોટો ભય છે.
- કેશ કેડીટ રકમનો બિન ઉત્પાદક હેતુ માટે ઉપયોગ વધારે પ્રમાણમાં થતો હોવાથી જૂથ સમયસર બેન્કના નાણા ન ચૂકવી શકતા જૂથ એનપીએ થવાની વધારે શક્યતા રહેલી છે જે જૂથ માટે મોટું ભયસ્થાન છે.

**ઉપસંહાર:**

મહિલાઓ ખાસ કરીને અસંગઠિત ક્ષેત્રમાં રોકાયેલી છે.મહિલાઓ એવા કાર્યોમાં રોકાયેલ છે જેનું  કોઈ આર્થિક વળતર તેઓને મળતું નથી પરંતુ આ કર્યો ખુબ જ મહત્વના છે,આ ઉપરાંત પારિવારિક  અને સામાજિક નિર્ણયોમાં પણ મહિલાઓની ઓછી ભાગીદારી જોવા મળે છે. સ્વ સહાય જુથોના માધ્યમથી ગ્રામીણ મહિલાઓનો સામાજિક આર્થિક વિકાસ થયો છે .જુથમાં જોડાયેલ મહિલાઓમાં આત્મવિશ્વાસમાં વધારો થયેલ છે તથા તેઓનામાં નેતૃત્વની આવડત વિકસેલ છે. જૂથના માધ્યમથી મહિલાઓમાં જાગરૂકતા વધી છે તથા તેઓની તમામ ક્ષેત્રોમાં ભાગીદારીમાં વધારો થયેલ છે.  સ્વ સહાય જુથમાં સામેલ થવાથી બહેનોમાં બચતની ટેવ વિકસી છે તથા તેઓની આર્થિક પ્રવુતિ કરવાની ક્ષમતા વધી છે. જુથમાં જોડાયા પછી.પરિવારના નિર્ણયોમાં બહેનોની ભાગીદારી વધેલ છે. જુથમાં જોડાવાથી બહેનોમાં આત્મવિશ્વાસનો વધારો થયેલ છે.તેઓ એકલા બહારગામ જઈ શકે છે,બેંક કે અન્ય સંસ્થાઓમાં જાતે પોતાનું કામ કરાવી શકે છે તથા બહેનોમાં સરકારશ્રીની વિવિધ યોજનાઓ તથા વિવિધ કાર્યક્રમોની જાણકારી વધી છે તથા સરકારના વિવિધ કાર્યક્રમો અને મીટીંગોમાં મોટા પ્રમાણમાં હાજરી આપતી થઇ છે.

સ્વસહાય જુથનો હેતુ સભ્યોનું સશક્તિકરણ કરવું, ધિરાણ દ્વારા સભ્યોની નાણાકીય જરુરીયાત પૂરી કરવી તથા આર્થિક પ્રવુંતીના વિકલ્પો વધારવાનો છે. હાલની સ્થિતિમાં સભ્યોને નાનાપાયે ધિરાણ મળી રહે છે પરંતુ વધારે ધિરાણની જરૂરિયાત પૂરી કરી શકાતી નથી. પૂરતા પ્રમાણમાં જુથ મંજુર થયેલ કેશ ક્રેડીટની રકમ ઉપાડતા નથી તથા કેશ કેડીટ ઉપાડેલ જૂથો પૂરતા પ્રમાણમાં કેશ કેડીટનો આર્થિક ઉપાર્જન પ્રવુતિ માટે ઉપયોગ કરતા નથી.હજુ પણ નાના પાયે ઉદ્યોગ શરુ કરવાનો ધેય જૂથો સંતોષકારક રીતર પૂર્ણ કરી શક્યા નથી. યોજના સંચાલકો સક્રિય રીતે આ દિશામાં પ્રયત્ન કરી વ્યક્તિગત અને સામુહિક આર્થિક ઉપાર્જનની પ્રવુતિ શરુ કરાવી જૂથોને આર્થિક રીતે પગભર બનાવવા જોઈએ. મહિલા વિકાસની પ્રવુંતીમાં સ્વ સહાય જૂથ

અને સુક્ષ્મધિરાણ ની ભૂમિકા ખુબ જ મહત્વની સાબિત થઇ છે પરંતુ તેની ગતિ ધીમી છે.સમયાંતરે જૂથની પ્રવુંતિનો વિસ્તાર વધારી મહિલા વિકાસમાં તેનું યોગદાન વધારી શકાય.

***************************************************************************

**ડૉ. સતિષ પટેલ**
મદદનીશ પ્રાધ્યાપક
ગ્રામ વ્યવસ્થાપન અધ્યયન કેન્દ્
ગૂજરાત વિદ્યાપીઠ
રાંધેજા

**ભરત ગઢવી**
આસિસ્ટન્ટ પ્રોજેકટ મેનેજર
મિશન મંગલમ
તાલુકા ગ્રામ વિકાસ એજન્સી
ખેડા

Copyright © 2012 – 2017 KCG. All Rights Reserved. | Powered By: Knowledge Consortium of Gujarat